ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G


# સે. ૩૦માં આર.ટી.ઓ. કચેરીનો અસલ મિજાજ હજુ તાદૃશ્ય થાય છે

## સરકારી ક્વાર્ટરમાં ખરતા પોપડા વચ્ચે ફાઈલોના પોટલાનો ઢગ ખડકાયો છે



(તસવીર : કશ્યપ નિમાવત)





ગાંધીનગર, તા. ૨૨

શહેરના 'ગ' માર્ગ પર રાજ્યની પ્રથમ હાઈટેક અને પેપરલેસ આર.ટી.ઓ. કચેરી કાર્યરત છે પરંતુ આર.ટી.ઓ. કચેરીનો અસલ મિજાજ હજુ પણ સે. ૩૦માં તાદૃશ્ય થઈ રહ્યો છે. સરકારી ક્વાર્ટરમાં ખરતા પોપડા અને ફાઈલોના પોટલા વચ્ચે ધમધમતી આર.ટી.ઓ. કચેરી સે. ૩માં સ્થળાંતર થયા બાદ પણ જૂની વ્યવસ્થાનો નમૂનો હજુ યથાવત સ્થિતિમાં છે.

હાઈટેક બનતા ગાંધીનગરમાં સરકારી કચેરીઓને કોર્પોરેટ લૂક આપવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. સરકારી કચેરીઓને જૂની-પુરાની ઓળખમાંથી બહાર આવવા મોટાભાગની ઓફિસોમાં મોડ્યુલર ફર્નિચર સાથે કોર્પોરેટ ટચ આપવામાં આવ્યો છે. ગાંધીનગરની આર.ટી.ઓ. કચેરી પણ હાઈટેક લૂકમાં જોવા મળે છે. 'ગ' માર્ગ પર સ્થિત પેપરલેસ આર.ટી.ઓ. કચેરીમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે પરંતુ આ નવીન પેપરલેસ કચેરીના પોટલા હજુ પણ જૂની ઓફીસોમાં ખડકાયેલા છે. સે. ૩૦માં સ્થિત જૂની ઓફિસમાં વધુ અસ્તવ્યસ્ત હાલતમાં પડ્યું છે. સરકારી આવાસમાં ધમધમતી આ જૂની ઓફિસની બારીઓ પણ ખુલ્લી પડી છે. આર.ટી.ઓ. કચેરીના અસલ મિજાજ હજુ પણ અહી તાદૃશ્ય થઈ રહ્યો છે. ત્યારે કામના કે નકામા આ પોટલાનો નિકાલ બે વર્ષના અંતે પણ થયો નથી !!

# ધોરણ-૧૨માં બાયોલોજીનુ પેપર લેન્ધી

## પરીક્ષાર્થીઓનો સમય ખૂટ્યો : પેપર સરળ પણ પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પુછાતા પરીક્ષાર્થીઓ મુંઝવણમાં મુકાયા

ગાંધીનગર, તા. ૨૨

ધો. ૧૨માં આજે બાયોલોજી વિષયની પરીક્ષા લેવાઈ હતી. જેમાં ૧૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જ્યારે જિલ્લામાંથી ૧૮૨૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બાયોલોજીનું પેપર આમ સરળ પણ ટ્વીસ્ટ પ્રશ્નોના લીધે થોડુ લેન્ધી પુરવાર થયું હતું.

ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં જિલ્લાના ૧૮૩૬ પૈકી ૧૮૨૬ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જીવવિજ્ઞાનનુ પ્રશ્નપત્ર પ્રમાણમાં સરળ પરંતુ લેન્ધી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. અંગ્રેજીના અઘરા પ્રશ્નપત્ર બાદ બાયોલોજીના પેપર તરફ વિદ્યાર્થીઓની મીટ મંડરાઈ હતી. આ અંગે વિષય નિષ્ણાંત ડૉ. અજયસિંહ રાજપૂતના જણાવ્યા મુજબ જીવવિજ્ઞાનનું પેપર પ્રમાણમાં સરળ અને પાઠ્યપુસ્તક આધારિત હતુ. જો કે ત્રણ અને ચાર ગુણના પ્રશ્નો ટ્વીટ્સ કરીને પુછવામાં આવતા વિદ્યાર્થીઓને જવાબ આપવામાં થોડો વધુ સમય આપવો પડ્યો હતો. થિયરીના પ્રશ્નો પણ લંબાણપૂર્વકના હોવાથી વિદ્યાર્થીઓએ સમયસર જવાબ આપવાનું મુંઝવણરૂપ બન્યું હતું. એમ.સી.ક્યુ.ના પ્રશ્નો પુસ્તક આધારિત હતા પરંતુ ટ્વીસ્ટ કરીને પુછાતા તર્કબદ્ધ પ્રશ્નોના ઉત્તરનો જવાબ આપવામાં સમય વધુ આપવો પડ્યો હતો. આમ બાયોલોજીનુ પેપર પ્રમાણમાં સરળ પરંતુ લેન્ધી હોવાનું સ્પષ્ટ થયું હતું. પરીક્ષા દરમિયાન જિલ્લામાં ગેરરીતીનો એક પણ કેસ નોંધાયો નથી.

# ધો-૧૦માં અંગ્રેજીના પેપરે વિદ્યાર્થીઓને હળવાફુલ કર્યા

## સરળ પ્રશ્નપત્ર : ગમતા નિબંધો ઉપરાંત ગ્રામરમાં પણ પુસ્તક આધારિત પ્રશ્નો પુછાયા : ત્રણ ગુણના પ્રશ્નનો જવાબ પેપરમાંથી જ મળ્યો

ગાંધીનગર, તા.૨૨

ધો-૧૦માં આજે અંગ્રેજીનું પ્રશ્નપત્ર અત્યંત સરળ નીકળતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી. અંગ્રેજીમાં 'ધ ટીચર આઈ લાઈક મોસ્ટ' તેમજ 'ટ્રીઝ અવર બેસ્ટ ફ્રેન્ડઝ'નો નિબંધ પુછાયો હતો. સરળ અને પુસ્તક આધારિત પેપરમાં ત્રણ ગુણના સંયોજકનો ઉત્તર પ્રશ્નપત્રમાંથી જ મળી રહે તેમ હતો.

ધો-૧૦માં જિલ્લામાંથી ૨૨૯૪૧ વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતી જયારે ૩૬૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. અંગ્રેજીના પ્રશ્નપત્રમાં પાર્ટ એ અને બી બંનેમાં સરળ પ્રશ્નો પુછાયા હતા. નિબંધ પણ 'ધ ટીચર આઈ લાઈક મોસ્ટ' તેમજ 'ટ્રીઝ અવર બેસ્ટ ફ્રેન્ડઝ' જેવા સરળ વિષયો અંગે પૂછાયો હતો. આ ઉપરાંત સ્વાસ્થ્યનું મહત્વ સમજાવતા પત્રલેખનનો પ્રશ્ન પૂછાયો હતો. જયારે વિદાય સમારંભ અંગે અહેવાલ રજૂ કરવા જણાવાયું હતું. વ્યાકરણના પ્રશ્નોમાં પણ એમ.સી.કયુ. સરળ પૂછાયા હતા. વિષય નિષ્ણાંત મૌલિક શુકલ તેમજ અરવિંદ વાઘરોડીયાના જણાવ્યા મુજબ પ્રશ્નપત્ર સરળ અને ટેક્ષબેઈઝ હોવાથી વિદ્યાર્થીઓએ નિરાંત અનુભવી હતી. આ ઉપરાંત ત્રણ ગુણના સંયોજકના પ્રશ્નનો જવાબ પ્રશ્નપત્રમાંથી જ મળી રહે તેમ હોવાથી વિદ્યાર્થીઓને મજા પડી ગઈ હતી. અંગ્રેજીની પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કેસ નોંધાયો નથી.



ગરમીનાં દિવસો શરૂ થતાં સરીસૃપો ઠંડક મેળવવા બહાર દેખા દેવા માંડયા છે. સહજાનંદ પાર્ક-કુડાસણ પાસે 'આંધળી ચાકળ' દેખા દેતા સ્થાનિકોમાં કુતુહલ પેદા થયું હતું. સ્નેક કેચર દ્વારા આ સરિસૃપને સહિ સલામત રીતે માનવ વસતીથી દૂર છોડી દેવામાં આવ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજરાતમાં 'આપ'ના વધુ બે ઉમેદવારોની જાહેરાત

ગાંધીનગર, તા. ૨૨

આજે આમ આદમી પાર્ટીએ આગામી લોકસભાની ચૂંટણીઓ માટે પોતાના ઉમેદવારોની દસમી યાદી જાહેર કરી, જેમાં ગુજરાતના બે ઉમેદવારો, ૧. મેહુલકુમાર પટેલ (નવસારી) ૨. ગોવિંદ પટેલ (વલસાડ) નો સમાવેશ થાય છે. આ સાથે ગુજરાતની કુલ આઠ બેઠકો ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવારો જાહેર થઈ ગયા છે. આજે જાહેર કરેલ બન્ને ઉમેદવારો જાહેર જીવનમાં સ્વચ્છ છબી ધરાવે છે અને તેમના જનસેવાલક્ષી કામો માટે જાણીતા છે.

આમ આદમી પાર્ટીના મુખ્ય ધ્યેય કે લોકવિરોધી રાજકારણીઓને સંસદમાં જતા રોકવા, માટેની નિષ્ઠા આમ આદમી પાર્ટીના ઉમેદવારોની પસંદગીથી છતી થાય છે.

નવસારી આપના ઉમેદવાર મેહુલ પટેલ (ઉં.વ.૪૮) ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવે છે. (માસ્ટર્સ ઈન કમ્પ્યુટર સાયન્સ). તેવો આર.ટી.આઈ. એક્ટીવસ્ટ તરીકે વિવિધ સરકારી વિભાગોમાં થતા ભ્રષ્ટાચાર સામે લડત આપી ચુક્યા છે. અને સામાજિક ક્ષેત્રે લોકજાગૃતિ અને શૈક્ષણિક વિકાસના કાર્યો સાથે સંકળાયેલા છે.

# તલાટી કૌભાંડ પ્રકરણે જવાબવહીની વિગતો હજુ સુધી તંત્રએ આપી નથી

## પોલીસ વિગતો મેળવવા માટે તંત્રને રીમાઈન્ડર મોકલશે

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર રાજ્યભરમાં ચકચાર મચાવી દેનાર તલાટી કૌભાંડમાં તપાસ કરતી પોલીસે તંત્ર પાસેથી કેટલીક વિગતો મંગાવી હતી. ચંપાવતે તલાટીમાં ઉમેદવારોને પાસ કરાવવા B- માર્ક કોડ આપ્યો હોવાનુ તપાસમાં ખુલતા આ કોડ વાળી કેટલી જવાબવહી આવી છે તેની વિગતો પોલીસે માંગી છે પરંતુ હજુ સુધી ન આપતા પોલીસ વિગતો મેળવવા તંત્રને રીમાઈન્ડર મોકલશે તેમ સુત્રો તરફથી જાણવા મળ્યુ છે.


ચંપાવતના મોબાઈલમાંથી કેટલાક રેકોર્ડીંગ્સ મળી આવતા પોલીસે ચંપાવતનો વોઈસ સ્પેકટ્રોગ્રાફી ટેસ્ટ કરાવવા મંજુરી માંગી હતી. કોર્ટે તે બાબતે સુનવણી માટે મુદત આપી છે. તો બીજી તરફ ચંપાવત કૌભાંડમાં મુળ સુધી પહોંચવા માટે તપાસ કરતી પોલીસે તંત્ર પાસેથી વિગતો માંગી હતી. B - માર્ક પાસ કરવાનો કોડ રાખ્યો હોવાનું ખુલતા આવી જવાબવહી કેટલી છે તે વિગતો મંગાવવામાં આવી હતી. તેમ છતાં તંત્રએ હજુ સુધી પેપર ચેકીંગ ચાલી રહ્યું હોવાના બહાના હેઠળ વિગતો જ પુરી પાડી નથી. તંત્રને પોલીસ રીમાઈન્ડર મોકલી B - માર્ક વાળી ઓએમઆર સીટની યાદી મંગાવી વધુ તપાસ શરૂ કરશે.

# શહેરના વધુ એક બેંક મેનેજર સામે જાહેરનામા ભંગનો ગુનો

## એલ.સી.બી.એ સે. ૭ યુનિયન બેંક ઓફ ઈન્ડીયાના એટીએમ સેન્ટરે ચેકીંગ કર્યુ : બહાર કેમેરા લગાડ્યા ન હતા

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા કલેક્ટરે પ્રસિદ્ધ કરેલા જાહેરનામા મુજબ



તમામ ખાનગી એકમોની બહાર નાઈટ વિઝન સીસીટીવી કેમેરા લગાડવા ફરજીયાત હોવા છતાં હજુ પણ ઘણા પેટ્રોલપંપો, શોપીંગ મોલો તથા બેંકોની બહાર કેમેરા લગાડાયા નથી. ગાંધીનગર એલસીબીએ બે દિવસ અગાઉ બે બેંક એટીએમ ચેક કરી તેના મેનેજરો સામે કાર્યવાહી કરી હતી. દરમ્યાન આજે પણ સે. ૭ના એક બેંક એટીએમની બહાર કેમેરા ન લગાડવા બદલ તેના મેનેજર સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કડક કાર્યવાહી કરી છે.

બે દિવસ પહેલા ગાંધીનગર એલસીબીની ટીમે બે બેંક એટીએમ સેન્ટર પર દરોડા પાડતા સીસીટીવી કેમેરા લગાડેલા ન હોવાનું બહાર આવતા તે બન્ને બેંકના મેનેજર સામે ગુનો દાખલ કર્યો હતો. આજે આ ટીમે સેક્ટર-૭ શોપીંગ સેન્ટરમાં સ્થિત યુનિયન બેંક ઓફ ઈન્ડીયાના એટીએમ સેન્ટરે ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં એટીએમ સેન્ટરની બહાર સીસીટીવી કેમેરા લગાડેલા ન હોવાનું તથા અંદરની બાજુ લગાડેલો કેમેરો યોગ્ય ક્ષમતાવાળો ન હોવાનું ધ્યાને આવતા તેના બેંક મેનેજર સામે પણ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.





બ્લેક બેલ્ટ - ગાંધીનગર સ્થિત સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સંસ્થા લલિતકલા એકેડેમીમાં ચાલતા વિવિધ કલા-કૌશલ્યના અભ્યાસક્રમો અંતર્ગત કરાટે વિભાગમાં તાલીમ પામેલ વિદ્યાર્થીઓને બ્લેક બેલ્ટ અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કરાટેના તાલીમાર્થીઓએ વિવિધ પ્રયોગો રજૂ કરી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

(તસવીર : દિપક જાની)

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

મનાલી ટ્રેકીંગ
મનાલી ટ્રેકીંગ
તા. ૨૫થી ૩૦ મે
● દિવસ-૧૧ ●
રજી. છેલ્લી તારીખ : ૨૫ માર્ચ
સંપર્ક : ૯૦૧૬૯ ૬૨૬૪૩
કશ્યપ નિમાવત







SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com